**GJNV110010952025**

| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | ૧૨ – ૧૨ – ૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | ૧૨ – ૧૨ – ૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૨૦ – ૦૩ – ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૦૮ |

**ફોર્મ–એ** **આંક : ૧૮**

| |
|---|
| **મે. વઘઈના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.વઘઈ.**<br><br>**[ચુકાદાની તારીખ : ૨૦–૦૩–૨૦૨૬]**<br>**[ફોજદારી કેસ નંબર : ૯૫૫/૨૦૨૫]**<br><br>(વઘઈ પોલીસ સ્ટેશન ગુના રજિસ્ટર નંબર : ૧૧૨૧૯૦૦૭૨૫૦૫૫૧/૨૦૨૫) |

| | |
|---|---|
| ફરિયાદી | સરકારશ્રી |
| ફરિયાદપક્ષે રજૂઆત | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી એચ.સી.બાગુલ |
| આરોપી | **અજીતભાઈ ભાંગલભાઈ ઘુમ,**<br>ઉ.આ.૨૯ વર્ષ,<br>રહેવાસી : મલીન (નિશાળ ફળિયું),<br>તા.વઘઈ, જિ.ડાંગ. |
| બચાવપક્ષે રજૂઆત | વિદ્વાન વકીલશ્રી પી.આર.ગાયકવાડ |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૧૨/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તરીખ | ૧૦/૧૨/૨૦૨૫ |
| આખરી અહેવાલ | ૧૨/૧૨/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ઘડ્યા તારીખ | ૧૨/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૨/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૦/૦૩/૨૦૨૬ |
| આખરી હુકમ | આરોપીને નિર્દોષ ઠરાવેલ છે. |

## આરોપીની વિગત

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અજીતભાઇ ભાંગલભાઇ ધુમ | ૧૦/૧૨/૨૦૨૫ | ૧૦/૧૨/૨૦૨૫ | પ્રોહિબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી) તથા મોટર વાહન અધિનિયમ એક્ટની કલમ–૧૮૫ મુજબ | નિર્દોષ | – | – |

## <u>ફોર્મ–સી</u>

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### એ.ફરિયાદપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| P.W.1 Ex-6 | કમલેશભાઇ મોટુભાઇ ગાવિત | પંચ શાહેદ |
| P.W.2 Ex-9 | રાકેશભાઇ શૈલેષભાઇ | ફરિયાદી |
| P.W.3 Ex-12 | વિપુલભાઇ છગનભાઇ બિરારી | પંચ શાહેદ |
| P.W.4 Ex-14 | ડો. ખુશી સંતોષ પટેલ | તબીબશ્રી |
| P.W.5 Ex-17 | જયરામભાઇ સીમગુભાઇ ભોયે | તપાસ કરનાર અમલદાર |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**

**એ.ફરિયાદ:**

| **અનુક્રમ** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | Ex-7 | શરીરસ્થિતિનું પંચનામું |
| ૨ | Ex-10 | ફરિયાદ |
| ૩ | Ex-15 | ફોર્મ–એ |
| ૪ | Ex-16 | ફોર્મ–બી |

**–: ચુકાદો :–**

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી અજીતભાઇ ભાંગલભાઇ ધુમ નાઓએ તારીખ : ૧૦/૧૨/૨૦૨૫ના રોજ કલાક ૧૫/૧૫ વાગ્યાના સુમારે વઘઈ–ઝાવડા જાહેર રોડ ઉપર વઘઈ પોલીસ સ્ટેશન પાસે ગેરકાયદેસર વગર પાસ પરમિટે કેફી પીણું પીધેલી હાલતમાં પોતાના હવાલાની હોન્ડા કંપનીની કાળા કલરની સાઇન મો.સા. જેનો રજિ. નંબર GJ–30–E–5028 ની ચલાવી લાવી પકડાઇ જઇ ગુનો કરતા, ફરિયાદીએ આ કામે આરોપી વિરુધ્ધ વઘઈ પોલીસ સ્ટેશને ગુના રજિ. નં.૧૧૨૧૯૦૦૭૨૫૦૫૫૧/૨૦૨૫ થી ફરિયાદ નોંધાયેલ છે. જે ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે બનાવની આગળની તપાસ કરી બનાવ બાબતે પંચનામું કરી લાગતા વળગતા શાહેદોના નિવેદન નોંધી આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા જણાઈ આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** ત્યારબાદ, આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આંક–૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ, ત્યારબાદ આરોપીનો જવાબ આંક–૪ થી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા

આરોપી વિરુદ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરિયાદપક્ષ દ્ધારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

**(૩)** ઉપર મુજબનો પુરાવો રજૂ થયા બાદ સદર કામના આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ તથા બંને પક્ષકારોની દલીલોના અંતે મારા ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી અજીતભાઈ ભાંગલભાઈ ધુમ નાઓએ તારીખ : ૧૦/૧૨/૨૦૨૫ના રોજ કલાક ૧૫/૧૫ વાગ્યાના સુમારે વઘઈ-ઝાવડા જાહેર રોડ ઉપર વઘઈ પોલીસ સ્ટેશન પાસે ગેરકાયદેસર વગર પાસ પરમિટે કેફી પીણું પીધેલી હાલતમાં પોતાના હવાલાની હોન્ડા કંપનીની કાળા કલરની સાઈન મો.સા. જેનો રજિ. નંબર GJ-30-E-5028 ની ચલાવી લાવી પકડાઈ જઈ, ધી પ્રોહિબીશન એકટની કલમ-૬૬(૧)(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૪)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછીના આપેલ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## -: કા ર ણો :-

**(૫)** સદર કામે ફરિયાદપક્ષ તરફેના શરીરસ્થિતિના પંચનામાના પંચ શાહેદ કમલેશભાઈ મોટુભાઈ ગાવિત નાઓને આંક-૦૬ થી તથા પંચ શાહેદ વિપુલભાઈ છગનભાઈ બિરારી નાઓને આંક-૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચ શાહેદો જણાવે છે કે, બનાવ કઈ તારીખે બનેલો તે વિશે તેઓ કાંઈ જાણતા નથી. વઘઈ પોલીસે તેઓની વઘઈ-ઝાવડા જાહેર રોડ પર બોલાવી એક કાગળ પર સહી લીધેલી. તેઓની રૂબરૂ વીડીયોગ્રાફી કરેલ કે કેમ તે તેમને ખબર નથી. તે સિવાય પંચનામાની વિગતે તેઓ કાંઈ જાણતા નથી. સદર પંચ શાહેદોને આંક-૦૭ વાળુ પંચનામુ બતાવવામાં આવતા જેમાં પંચ શાહેદ નં.૧ અને ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચ શાહેદોને અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવી ઊલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલી નથી. આરોપી તરફે સદર પંચ શાહેદોની ઊલટ તપાસ કરતા તેઓએ સ્પષ્ટપણે કબૂલ કરેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી. વધુમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં શું લખેલ તેની તેમને જાત માહિતી નથી.

**(૬)** ફરિયાદપક્ષે ફરિયાદી રાકેશભાઈ શૈલેષભાઈ નાઓને આંક-૦૯ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે, બનાવ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ તેઓ તથા અ.પો.કો. જયરામભાઈ સીમગુભાઈ બ.નં.૧૫૫ તથા અ.પો.કો. સંદિપભાઈ સુબનભાઈ બ.નં.૪૮૦ તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે વઘઈ-ઝાવડા જાહેર રોડ ઉપર પોલીસ સ્ટેશન પાસે વાહન ચેકીંગની કામગીરીમાં હતા તે દરમ્યાન ઝાવડા તરફથી એક મો.સા.

ચાલકને પોતાના હવાલાની હોન્ડા કંપની કાળા કલરનું શાઈનની કે જેનો રજીનં–GJ-30-E-5028 સર્પાકારે ચલાવી લાવેલ. જેથી તેને સાઈડમાં ઉભો રાખેલ જેનું નામઠામ પુછતાં તેના મોઢામાંથી કેફીપીણું પીધેલાની વાસ આવતા નજીકમાંથી બે રાહદારી પંચો ૧) વિપુલભાઈ છગનભાઈ બિરારી તથા ૨) કમલેશભાઈ મોટુભાઈ ગાવિતનાઓને બોલાવી પંચો રૂબરૂ નામઠામ પુછતા તોતડાતી જીભે તેણે પોતાનું નામ અજીતભાઈ ભાંગલભાઈ ધુમ રહે. મલીન, તા. વઘઈ, જી. ડાંગ હોવાનું જણાવેલ. જેને રોડ ઉપર ચલાવી જોતાં શરીર સ્થિતિનું સમતોલન રાખી શકતાં ન હતા. તેમની આંખો નશાથી લાલચોળ હતી. તેમને કેફીપીણું પીવા બાબતે પાસ પરમીટ માંગતાં મળી આવેલ નહી. જેથી તેનું શરીર સ્થિતિનું પંચનામું કરી મેડિકલ ઓફિસરશ્રી વઘઈને સી.એચ.સી.ખાતે બ્લડ સેમ્પલ માટે મોકલી આપેલ. તેની વિરુધ્ધમાં ધોરણસર થવા માટે તેઓએ તેની સામે ફરીયાદ આપેલ હોય, ફરિયાદીને અસલ ફરિયાદ બતાવવામાં આવતા તે ઓળખી બતાવેલ છે. જે ફરિયાદ આ કામે આંક–૧૦ થી રજૂ થયેલ છે. તેઓ આરોપીને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઊલટતપાસ કરતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, બનાવવાળો રસ્તો જાહેર રસ્તો છે. એ વાત કબૂલ રાખેલ છે કે, બનાવના દિવસે વઘઈમાં હાટ બજાર ભરાયેલો હતો. એ વાત કબૂલ રાખેલ છે કે, અન્ય દિવસો કરતા હાટ બજારના દિવસે લોકોની અવર–જવર વધુ હોય છે. એ વાત કબૂલ રાખેલ છે કે, તે દિવસે બીજા ઘણાં બધા વાહનોને ઊભા રાખીને ડ્રાઈવિંગ લાયસન્સ તેમજ બીજા કાગળોની પૂછપરછ કરેલી. તેમજ બચાવપક્ષે રજૂ રાખવામાં આવેલ અન્ય સૂચનોનો ઈન્કાર કરે છે.

(૭) ફરિયાદપક્ષે શાહેદ ડો. ખુશી સંતોષ પટેલ નાઓને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે, તેઓ છેલ્લા ચારેક માસથી

સમયથી સી.એચ.સી., વઘઈ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ સરકારી હોસ્પીટલ વઘઈ ખાતે પોતાની ફરજ પર હતી તે સમયે અ.હે.કો. જયરામભાઈ સીમગુભાઈ ભોયે બ.નં. ૧૫૫નાઓ યાદી સાથે આરોપી અજીતભાઈ ભાંગલભાઈ ધુમ રહે.મલીન, તા.વઘઈ, જી.ડાંગવાળાને બપોરે ૦૩:૩૦ કલાકે લઈ આવેલ હતા. આરોપીની તપાસ તા.૧૦/૧૨/૨૦૨૫ ના સાંજે ૪:૦૦ કલાકે કરવામાં આવેલ હતી. તેમની તપાસ કરતાં તેમના શ્વાસમાં આલ્કોહોલની વાસ ન હતી. તેમની ભાષા અસભ્ય હતી. તેઓની ચાલ સ્થિર હતી. તેમની આંખની કીકી પહોળી હતી. તેઓએ આલ્કોહોલ લીધેલ હતો અને તેઓ અસર તળે હતા. તેઓએ લોહીનું સેમ્પલ લીધેલ હતું અને ત્યારબાદ સર્ટિફિકેટ “ફોર્મ–એ” તૈયાર કરેલ. જે એમ.એલ.સી. સર્ટિફિકેટ નં.૬૧૩/૨૦૨૫ તેમને બતાવવામાં આવતા પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે સદર કામે આંક–૧૫ થી રજૂ રાખેલ છે.

આ લોહીનુ સેમ્પલ નીચે પ્રમાણે લેવામાં આવેલ. લોહીનું સેમ્પલ લેવા માટે તેઓએ ડીસ્પોઝીબલ સીરીજ અને નીડલનો ઉપયોગ કરવામાં આવેલ. શરીરના જે દર્દીના હાથના કોણીના આગળના ભાગમાંથી લોહીનુ ૫ સી.સી.નું સેમ્પલ લેવામાં આવેલ હતુ. ત્યાં એન્ટીસેપ્ટીક તરીકે નોર્મલ સલાઈનનો ઉપયોગ કરવામાં આવેલો. લોહીના નમુના લેવાની તમામ પ્રક્રિયા દરમ્યાન શરીરના કોઈ પણ ભાગમાં આલ્કોહોલ કે તેના સોલ્યુશનનો સ્પર્શ થયેલ નથી. લીધેલ લોહીનો નમુનો ફ્લોરાઈડ વેકયુટીમાં લેવામાં આવેલ અને તેને હલાવામાં આવેલ. ફ્લોરાઈડ વેકયુટી પર લેબલ અને હોસ્પીટલનો શીલ લગાવામાં આવેલ અને તેને ''ફોર્મ બી” ડાયરેકટરશ્રી એફએસએલ પોલીસ ભવન ગાંધીનગર ખાતે તા. ૧૧ / ૧૨ /૨૦૨૫ ના રોજ રજી. પોસ્ટ પાર્સલ કરેલ. જે ''ફોર્મ બી'' રજૂ કરેલ છે. જેને આંક–૧૬ થી રજૂ રાખેલ છે.

આ કામે ''ફોર્મ સી'' એફ.એસ.એલ., ગાંધીનગર ખાતેથી પૃથક્કરણ થઇને આવેલ ન હોવાથી દર્દીએ કેટલી માત્રમાં આલ્કોહોલ લીધેલ હતું તે તેઓ ચોક્કસ કહી શકે નહિ.

બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, દર્દી તેઓની પાસે તપાસ માટે લાવેલા અને તે જાતે ચાલીને આવેલા અને તે સમયે સમજી શકે તે રીતે તેઓની સાથે વાત કરતા હતા. એ વાત કબૂલ રાખેલ છે કે, ફોર્મ "સી" એફ.એસ.એળ., ગાંધીનગર ખાતેથી પૃથક્કરણ થઇને આવેલ ન હોવાથી દર્દીએ કેટલી માત્રામાં આલ્કોહોલ લીધેલ હતો તે તેઓ ચોક્કસ કહી શકે નહિ.

(૮) ફરિયાદપક્ષે તપાસ કરનાર અધિકારી જયરામભાઇ સીમગુભાઇ ભોયેનાઓને આંક-૧૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે, વઘઈ પો.સ્ટે.ના બાતમી નંબર-૧૧૨૧૯૦૦૭૨૪૦૫૫૧/૨૦૨૫, પ્રોહિ એક્ટ-૬૬(૧)(બી) તથા એમ.વી. એક્ટ-૧૮૫ મુજબનો ગુનો દાખલ થઇ તપાસ તેમને મળતા તેઓએ તપાસ સંભાળી લઇ આ કામે લાગતા વળગતા શાહેદોના નિવેદનો લીધેલા અને આંક-૦૭ વાળુ પંચનામું કરેલ અને જેમાં તેઓએ પંચો તથા પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેઓ આરોપીને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઊલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, બનાવવાળો રસ્તો જાહેર રસ્તો અને ત્યાં ઘણાં બધા વાહનો તેમજ માણસોની અવર-જવર રહેતી હોય છે. એ વાત કબૂલ રાખેલ છે કે, આ કામે સ્વતંત્ર શાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત કબૂલ રાખેલ છે કે, ચાર્જશીટ સાથે ફોર્મ સી રજુ કરેલ નથી. તેમજ બચાવપક્ષે રજૂ રાખવામાં આવેલ અન્ય સૂચનનો ઈન્કાર કરે છે.

(૯) આમ, સદર કેસનો સમગ્ર પુરાવો વંચાણે લેતા, સ્પષ્ટ થાય છે કે,

હાલના કેસમાં પંચ શાહેદોની જુબાની પરથી પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી. જેથી હાલના કેસમાં આરોપી બનાવવાળી જગ્યાએથી નશો કરેલ હાલતમાં મળી આવેલ તે નિ:શંકપણે પુરવાર થતું નથી. હાલના કામે તપાસનીશ અધિકારીશ્રીએ પંચ શાહેદો સિવાય કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદનો નોંધેલ નથી. ઉપરાંત, આરોપી જે જગ્યાએથી નશો કરેલી હાલતમાં મળી આવેલ તેમની ઓળખના કોઈ આધાર પુરાવો હાલના કામે મેળવેલ નથી કે રજૂ રાખેલ નથી. આમ, ફરિયાદી પોતે પોલીસના જ માણસ હોઈ તેઓને પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે તે બાબત સ્વાભાવિક છે. જેથી આરોપીને દોષિત ઠરાવી શકાય એવો કોઈ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલ નથી તેમજ પંચ શાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી.

વધુમાં, આ કામે રજૂ થયેલ પુરાવાનો બારીકાઈથી અભ્યાસ કરતા જણાય છે કે, ફરિયાદપક્ષ દ્વારા ફોર્મ–સી રજૂ રાખવામાં આવેલા નથી કે પુરાવામાં ક્યાંય પણ રજૂ નહીં રાખવા માટેના કારણો પણ જણાવવામાં આવેલા નથી. વળી, તબીબશ્રીનો પુરાવો જોતા તેઓ પોતાની ઊલટતપાસમાં સ્વીકારે છે કે, ફોર્મ "સી" એફ.એસ.એલ., ગાંધીનગર ખાતેથી પૃથક્કરણ થઇને આવેલ ન હોવાથી દર્દીએ કેટલી માત્રામાં આલ્કોહોલ લીધેલ તે તેઓ ચોક્કસ કહી શકે નહીં. જો કે ધી બોમ્બે બ્લડ ટેસ્ટ રૂલ્સના નિયમ નં.૪(૨) ની આદેશાત્મક જોગવાઈ મુજબ લોહીનો નમૂનો પરીક્ષણ માટે દિન–૦૭(સાત) ની અંદર પ્રયોગશાળામાં પહોંચી જવો જોઈએ. પરંતુ હાલના કિસ્સામાં ફોર્મ–સી રજૂ રાખવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબ ગુનો પુરવાર થયેલાનુ માની શકાય નહી.

**(૧૦)** આમ, ઉપરોકત હકીકતો નજર સમક્ષ રાખતા આ કામના આરોપીએ ધી ગુજરાત દારૂબંધી કાયદાની કલમ–૬૬(૧)(બી) તથા મોટર વ્હીકલ .

૦એકટની કલમ–૧૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઈ, આરોપીને તકસીરવાર ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધની હકીકતોનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, **મુદ્દા નં.૧** નો જવાબ '**નકાર**' માં ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુંબજનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી **અજીતભાઈ ભાંગલભાઈ ધુમ,** ઉ.આ.૨૯ વર્ષ, રહેવાસી : મલીન (નિશાળ ફળિયું), તા.વઘઈ, જિ.ડાંગ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત દારૂબંધી કાયદાની કલમ–૬૬(૧)(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના હાલના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : **૨૦મી**, માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : ૨૦ – ૦૩ – ૨૦૨૬ સહી/–

Place : વઘઈ **(પ્રકાશ એસ. રૌંદલ)**

જ્યુડિ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વઘઈ.
(જી.જે.૦૧૪૩૭)

S.S.M.